(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૨૭૭/૨૦૦૬**
**આંક:– ૯૩**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– કાદરભાઈ | પિતા/પતિનું નામ:– રસુલભાઈ મંડલી |
| | ઉ.વ.:– ૭૦ |
| ધંધો:– નીવૃત | સરનામુ:– સુરેન્દ્રનગર જી. સુરેન્દ્રનગર |

**સોગંદ આપ્યા.....**

**સાહેદ જાતે**

**(૧)** ગઈ તારીખ ૧૪/૧૧/૨૦૦૫નાં રોજ હું હળવદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતો તે દરમ્યાન ચરાડવા આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ જે.આર.રાણાએ લેખીત રીપોર્ટ સાથે એક ફરીયાદ દાખલ થવા માટે આપતા અમોએ તે ફરીયાદ હળવદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ ૧૨૬/૨૦૦૫ આઈ.પી.સી. કલમ ૪૦૯ મુજબનો ગુનો બનતો હોય જે ફરીયાદ દાખલ કરેલ. જેમાં ફરીયાદી દીનેશકુમાર હસમુખભાઈ ચૌધરી, પશ્વિમ ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેર ફરીયાદી હોય અને આરોપી તરીકે રાજેશભાઈ પરસોતમભાઈ સોનારા જે પી.જી.વી.સી.એલ. કંપનીનાં નોકરીયાત હોય આરોપીએ પોતાની ફરજ દરમ્યાન કેશ કલેકશન વખતે એક જ પહોંચ બે ગ્રાહકને આપી રૂા. ૧૦૦૦/–ની ઉચાપત કર્યા અંગેની વીગતવાર લેખીત ફરીયાદ હોય જે ફરીયાદ લેખીત આપેલ તે મુજબ નોંધી જેમાં ફરીયાદીએ પોતાની સહી દીનેશકુમાર હસમુખભાઈ ચૌધરી લખેલી. જે વીગતવાર નોંધી ફરીયાદની નકલ સાથે લેખીત હુકમ સાથે આગળની તપાસ ચરાડવા ઓ.પી.ના હેડ કોન્સ. જે.આર.રાણાને સોંપી આપેલ. હું કોર્ટના રેકર્ડમાંથી અસલ એફ.આઈ.આર. જોઈ જણાવું છુ કે તેમાં ફરીયાદ દાખલ કરનાર તરીકે મારી પોતાની સહી છે. જે હું ઓળખી બતાવું છું. જે એફ.આઈ.આર. રજુ દાખલ **આંક–૯૪.** જેની નોંધ જે તે વખતે સ્ટેશન ડાયરીમાં કરવામાં આવેલી. જે મેં એફ.આઈ.આર. સાથે નામદાર કોર્ટમાં મોકલેલ તે આવેલ લેખીત ફરીયાદ નામદાર કોર્ટમાં આંક–૮૦થી રજુ છે. જે લેખીત ફરીયાદ હું ઓળખી બતાવું છું. જેમાં હાંસીયામાં રીસીવ્ડ કરનાર તરીકે મારી સહી આંક–૮૦માં ઓળખી બતાવું છું. હું આજરોજ મેં આંક–૮૦નાં અનુસંધાને આંક–૯૪ની એફ.આઈ.આર. દાખલ કરેલ ત્યારબાદ તે ફરીયાદની તપાસ ડેપ્યુટ હુકમથી ચરાડવા ઓ.પી.ના હેડ કોન્સ.

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

જે.આર.રાણાને સોંપી આપેલ તે ઓળખી બતાવી રજુ કરુ છું જે તપાસ ડેપ્યુટ હુકમ રજુ દાખલ

**આંક–૯૫.**

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ**

(૨) એ વાત ખરી છે કે, બનાવ અંગે કોઈ અંગત જાત માહીતી મને નથી. એ વાત ખરી નથી કે, મારા ઉપરી અધીકારીના કહેવાથી ખોટી ફરીયાદ નોંધેલ છે અને તે અન્વયે ખોટી કાર્યવાહી કરેલ છે.

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૧૫/૯/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ